


# બ્લાઇન્ડ હેમિંગ કેવી રીતે કરવું

આ વિડિયોમાં તમે બ્લાઈન્ડ હેમિંગ શીખશો. આ માટે તમારા મશીન સાથે જ આવેલા બ્લાઈન્ડ હેમિંગ



ફુટનો વાપર કરશું. આ માટે તમને જોઈશે એક કપડાનો ટુકડો, બ્લાઈન્ડ હેમિંગ ફુટ, બીડેડ પિન્સ, એક ઈલેક્ટ્રિક ઈસ્ત્રી અને મેચિંગ દોરો.

સૌપ્રથમ, 10 x 10 ઈંચનું કાપડ લો. તેની ઉંધી બાજુ ઉપર આવે તેમ પાથરો. તેની નીચલી કિનાર અડધો ઈંચ વાળી તેના પર ક્રિઝ કરો એટલે ઘડી જેમની તેમ રહે. પછી એ જ ઘડી પર ઉપલી બાજુથી બીજી એક અડધા ઈંચની ઘડી વાળો, કે પહેલી ઘડી પર બરાબર અડધે આવે - જે તમે આ વિડિયોમાં પણ જોઈ શકો છો.


આ ઘડી વાળીને તૈયાર થયેલી પટ્ટી બરાબર પકડી તેના પર ઈસ્ત્રી ફેરવો. ઈસ્ત્રી ફેરવ્યા પછી, તેના પર પિન્સ લગાવો. બ્લાઈન્ડ હેમિંગ શરુ કરતા પહેલા આ વસ્તુની પ્રેક્ટિસ કરો.


એકવાર તમારી પટ્ટી બરાબર વળી જાય એટલે તે મશીન પર મુકો. બ્લાઈન્ડ હેમિંગ ફુટ જોડવા માટે બેલેન્સ વ્હીલ તમારી તરફ ફેરવી સોય ઊંચી કરો. પ્રેશર ફુટ ઊંચું કરો અને લીવરને ધકેલી, ફુટ છુટ્ટો પાડો.

હવે લીવર નીચે કરીને બ્લાઈન્ડ હેમિંગ ફુટ અને ક્લેમ્પને જોડાજોડ પાસે-પાસે રાખો. ફુટને બરાબર ગોઠવી લીવર નીચું કરીને, ક્લેમ્પમાં બેસાડો.

હવે ફુટ જોડાઈ ગયા પછી, કિનારાથી વળેલા કપડાને ફુટ નીચે રાખો જેથી સોય બરાબર કિનારાની ઘડીને છેડે આવે, ફુટ નીચું કરો, પેટર્ન સિલેક્ટર નૉબને F પર રાખો. સ્ટીચ લેન્થ 2 અને 3 ની વચ્ચે રાખો.

બેલેન્સ વ્હીલ તમારી તરફ ફેરવો અને ધ્યાનથી જોઈએ લો કે કિનારની ઘડી બરાબર સોય નીચે આવે છે કે નહીં.





સીવણ શરુ કરો અને કાળજીપૂર્વક જોતા જાઓ કે બ્લાઈન્ડ હેમ ફુટ કપડાંની ઘડી પર જ ફરે છે અને કિનાર ખસતી નથી.
એન્ડ સુધી પહોંચો ત્યારે ફુટ ઊંચું કરો અને વધારાના દોરા કાપી નાખો.
બસ તમારું બ્લાઈન્ડ હેમિંગ થઈ ગયું.
હવે ઘડી ખોલો અને હેમિંગથી ટાંકાની કેવી પેટર્ન થાય છે તે જુઓ. કપડાંને ઉલટાવી તેની ચત્તી બાજુઓ જુઓ કે કેટલા ઝીણા અને લગભગ ન દેખાય તેવા ટાંકા છે.
કોઈપણ કાપડને હેમિંગ કર્યા પછી, તેના પર ઈસ્ત્રી ફેરવવું બહુ જ જરૂરી છે. તેનાથી કામની નિટનેસમાં વધારો થાય છે.
આ એક સ્કર્ટ છે જે હેમ કરેલું છે અને તેની ચત્તી બાજુ પર જ્યાં-જ્યાં ટાંકા છે ત્યાં તમને માત્ર ઝીણા ડોટ્સ દેખાશે જે તેને બિલકુલ પ્રોફેશનલ લૂક આપે છે.
જ્યાં સુધી તમને કોન્ફિડેન્સ ન આવે ત્યાં સુધી હેમિંગની પ્રેક્ટિસ દરેક જાતના કપડાં પર કરો.